ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૬૬ ટકા

# સે-૭ ખાતે મહિલા સ્વ સહાય જૂથ દ્વારા પ્રદર્શન

ગાંધીનગર, તા.૭

હર્ષાબા સ્વ સહાય જૂથ અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા એક્ઝિબિશન કમ સેલનું આયોજન સે-૭ કમ્યુનિટી હોલ ખાતે કરવામાં આવ્યું છે. જ્યાં જીવન જરૂરીયાતની તમામ ૮૦૦થી પણ વધુ ચીજ વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. શનિવાર સુધી ચાલનારા આ સેલમાં કોરોના ગાઈડલાઈનનું પાલન કરવામાં આવી રહ્યું છે. ગુરુવારના રોજ ઉદ્ઘાટન પ્રસંગે બ્રહ્માકુમારીઝના કૈલાશદીદી, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





શહેરમાં સવારે ૯ થી રાત્રે ૮ વાગ્યા સુધી ચાલનાર ત્રણ દિવસીય એક્ઝિબિશનમાં હોમ મેડ વસ્તુઓ જેવી કે, શિયાળાના વસાણા, ચીકી, ફરસાણ, ચોકલેટ, ખાખરા, કેક, ચટણી, જ્યુસ, ઘઉંની સેવ, ઓર્ગેનિક પ્રોડક્ટ્સ, હેર ઓઈલ, હોમ મેડ કોસ્મેટિક ચીજ વસ્તુઓ વેચાણમાં છે.

આ ઉપરાંત સ્પેશ્યલ આકર્ષણમાં નેઈલ આર્ટ, ડ્રેસ, જવેલરી, ઈલેક્ટ્રીક આઈટમ્સ ઉપરાંત ખાસ જુના ચલણી નોટના સિક્કા અને નોટ ઉપરાંત પેપર જવેલરી, હેન્ડ મેડ વુડન સ્ટેન્ડ, વેસ્ટમાંથી બેસ્ટ બુટ્ટી, પેપર વેઈટ, ઘડિયાળ, બેડશીટ જેવી અનેક અવનવી ચીજ વસ્તુઓ વેચાણમાં છે.

આ વખતે ખાસ યુવાનો તેમના સ્ટાર્ટઅપ લઈને આવ્યા છે. જેમાં પ્લાસ્ટિક વેસ્ટમાંથી રિસાઈકલ કરેલા લેમ્પ, પેપર વેઈટ, રાઈટિંગ પેડ ઉપરાંત વુડ સ્ટેન્ડ, ફોટો, કેલેન્ડર જેવા નીત નવીન આઈડિયાઝ સાથે આવ્યા છે. વૃદ્ધ વૈદ્ય કપલ દ્વારા આપવામાં આવતું સચોટ નિદાન ઉપરાંત ૯૯ સ્ટોર પણ આ સેલનું આકર્ષણ છે. આ ત્રિ-દિવસીય સેલ માં રેડ ક્રોસ દ્વારા નિઃશુલ્ક ડેન્ટલ, ડાયાબિટીસ અને આઈ ચેકઅપ કેમ્પ પણ યોજાઈ રહ્યો છે. આ એકઝીબીશન કમ સેલમાં શહેરીજનો માટે એન્ટ્રી અને પાર્કિંગ વિના મૂલ્યે રાખવામાં આવી છે. સંસ્થા દ્વારા સર્વે શહેરીજનોને આ એક્ઝિબિશનનો લાભ લેવા જણાવાયું છે.

## એ-વન ફાર્મસી કોલેજમાં સ્પોર્ટ્સ વીકની ઉજવણી




ગાંધીનગર, તા.૭

એ-વન ફાર્મસી કોલેજમાં ખેલે ઈન્ડિયા ખેલે એ-વન થીમ પર સ્પોર્ટ્સ વીકની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના બી.ફાર્મ, ફાર્મ.ડી અને ડિપ્લોમા ફાર્મસીના વિદ્યાર્થીઓએ જુદી-જુદી ઈનડોર અને આઉટડોર રમતમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, ટગ ઓફ વૉર, લોન્ગ જમ્પ, રનીંગ રેસ, ચેસ, કેરમ, મ્યુઝીકલ ચેર, બાસ્કેટ બોલ, ટ્રેઝર હન્ટ, સ્કીપીંગ રોપસ રમતોનો સમાવેશ થાય છે. દરેક વિજેતા વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ વીકના અંતે સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.




મકરસંક્રાંતિનું પર્વ ભારતીય સંસ્કૃતિમાં દાન પુણ્યનું પર્વ ગણાય છે જેને અનુલક્ષીને ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખાની મહિલા પાંખ દ્વારા ફતેપુરા પ્રાથમિક શાળા અને સેક્ટર-૨૦ની સરકારી પ્રાથમિક શાળામાં ચીક્કી અને બિસ્કીટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



સાર્વજનિક સહાયના ઉદ્દેશથી વેદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા સેકટર-૬માં રહેતા ગરીબ પરિવારજનોને ઠંડીમાં રક્ષણ માટે ગરમ ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું તથા યુવાનોને પણ અન્ય જરુરી કપડાંનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ



ગાંધીનગર, તા.૭

ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ હોકી (બહેનો)ની સ્પર્ધા ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરની હોકીની ટીમે બ્રોન્ઝ મેડલ (સેકન્ડ રનર્સઅપ) મેળવીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ સંદર્ભે હોકીની ટીમના કેપ્ટન કુ. અંકિતા ચૌધરી અને પુરી ટીમને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈવી.ચૌધરી, ઉપપ્રમુખ તેમજ કલેજના કન્વીનર શ્રી રણછોડભાઈ ચૌધરી તેમજ સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ.ચૌધરી તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી વિનોદભાઈ ચૌધરી અને સમગ્ર સ્ટાફે હોકીની ટીમે સંસ્થાને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની કબડ્ડી સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા કબડ્ડી એસો. (ગ્રામ્ય) સ્પોર્ટસ કલબ દ્વારા સબ જુનિયર કબડ્ડીનો પસંદગી કેમ્પ તાજેતરમાં યોજાયો હતો. જેમાં સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ઉત્સવ એસ. સોલંકીની રાજયકક્ષાની ગુજરાત ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. જે અમદાવાદ ખાતે યોજાયેલ ૨૦ દિવસના કેમ્પમાં ટ્રેનિંગ લઈને ઉત્તરાખંડ ખાતે સ્પર્ધામાં રમવા ગયા હતા. જેમાં તેઓ ગૃપ વિજેતા થયા છે. શાળાના આચાર્ય નીવાબેન પટેલ તથા શાળા પરિવાર તરફથી ઉત્સવને અભિનંદન પાઠવ્યા હતા.





સેકટર-૬ અપના બજારની સામે પાર્કિંગ બનાવવાની કામગીરી ચાલુ છે. આ વિસ્તારમાં આખો દિવસ વાહનોની ભારે અવરવજર રહેતી હોવાથી પાર્કિંગની સમસ્યા સર્જાઈ હતી. પાર્કિંગની કામગીરી શરૂ થતાં વાહનચાલકોની સમસ્યા ટૂંક સમયમાં ઉકેલાશે.

## આરાધના વિદ્યાવિહાર ખાતે યોજાયેલ 'સાયબર ક્રાઈમ સુરક્ષા જાગૃતિ' કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

આજના ટેકનોલોજીના યુગમાં આંગળીના ટેરવે બનતા અપરાધ એટલે સાયબર ક્રાઈમ. મોબાઈલ, કોમ્પ્યુટર, ટેબલેટ, લેપટોપ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કાયદા-કાનુનનો ભંગ કરીને થતી છેતરપીંડી અને અપરાધ સામે રક્ષણ મેળવવા વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુથી અને ગુજરાત સરકારના સાયબર ક્રાઈમ રોકવા માટેના પ્રયાસો અંગે જાણકારી આપવાનો કાર્યક્રમ શાળામાં યોજાયો હતો. જેમાં શાળાના ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ સામે સુરક્ષા મેળવવાના વિવિધ ઉપાયો અંગે માધ્યમિક વિભાગના વિજ્ઞાન શિક્ષક ધવલભાઈ સી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી ઉદાહરણ સહ માહિતી અને સમજ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય વિષ્ણુભાઈ એસ. પટેલે વિદ્યાર્થીઓને ટેકનોલોજીના શૈક્ષણિક ઉપયોગ તથા સોશિયલ મીડિયાના માધ્યમોમાં સુરક્ષા બાબતે જાગૃત રહેવાનો સંદેશ આપ્યો હતો. સંસ્થાના ચેરમેનશ્રી આર.એ. પટેલે કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા યોજાયો પર્યાવરણ જતન કાર્યક્રમ




ગાંધીનગર, તા.૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ૬ જાન્યુઆરીના રોજ ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા, જળસંચય-જળસંરક્ષણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો.બી.ડી.ઢીલાના નેતૃત્વમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એમ.એ. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થી આશિષ વાગડિયા અને સૂરજ ત્રિવેદી દ્વારા "જળસંચય, પર્યાવરણ બચાવો" પર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું. જયારે એમ.એ. સેમેસ્ટર-૧ અને ૪ના વિદ્યાર્થીઓએ સાથે મળીને પર્યાવરણ સંરક્ષણ પર માઈમ રજૂ કર્યું હતું. જેમાં ઈન્દ્રોડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક ડો. અંજના ચૌહાણ હતાં અને કાર્યક્રમનું સંચાલન ડૉ. રોનક પરમારે કર્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુનુ આયોજન

ગાંધીનગર, તા.૭

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક સેકટર-૨૨ ગાંધીનગર ખાતે ડિપ્લોમા એન્જિનિયરિંગની ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, કોમ્પ્યુટર અને ઓટોમોબાઈલના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે ભારતની ખ્યાતનામ એવી રાણે એન.એસ.કે. સ્ટીયરિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા હતા. જેમાં કોલેજના ૬૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શરૂઆતમાં કંપની દ્વારા વિદ્યાર્થીઓને કંપની વિશે માહિતી આપવામાં આવી હતી. કંપનીના હર્ષિત ચૌહાણે (એચ.આર- સિનિયર એક્સિક્યુટીવ) જણાવ્યું હતું કે રાણે એન.એસ.કે. સ્ટીયરિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા જાપાની કંપની સાથે જોડાયેલ છે



અને છેલ્લા ૨૩ વર્ષથી ખ્યાતનામ ઓટોમોબાઈલ કંપનીઓ જેવી કે ટાટા, મારુતિ, હ્યુન્ડાઈ, મહિન્દ્રા વગેરે માટે સ્ટીયરીંગ સિસ્ટમ અને એન્જિન વાલ સપ્લાય કરે છે. આ ઈંટરવ્યુ ચાંગોદર ખાતે શરૂ થયેલ પ્લાન્ટ માટે યોજાયા હતા, જેમાં પ્રથમ રાઉન્ડના અંતે ઓટોમોબાઈલના ૧૨, મિકેનિકલના ૯, ઈલેક્ટ્રિકલના ૯ વિદ્યાર્થીઓની પંસદગી કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા રાઉન્ડના અંતે જેમાં જુદી-જુદી શાખાના ૨૬ જેટલા વિદ્યાર્થીઓની ફાઈનલ પ્લેસમેન્ટ માટે પસંદગી કરવામાં આવી હતી. સમગ્ર કેમ્પસ ઈન્ટરવ્યુનું સંસ્થાના પ્રિન્સિપાલ, એકેડમિક ડાયરેક્ટર અને સ્ટાફ દ્વારા સફળ આયોજન કરી સંપન્ન કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર આઈઆઈટીના પ્રાધ્યાપકને ગોપાલ રંજન ટેકનોલોજી એવોર્ડ

ગાંધીનગર, તા. ૭

સિવિલ એન્જિનિયરિંગના પ્રોફેસર અને ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરના કાર્યવાહક નિર્દેશક પ્રોફેસર અમિત પ્રશાંતે પ્રતિષ્ઠિત ગોપાલ રંજન ટેકનોલોજી એવોર્ડ ૨૦૨૧ જીત્યો છે.




ગોપાલ રંજન ટેકનોલોજી એવોર્ડ આઈઆઈટી રૂરકી દ્વારા દર વર્ષે ભારતીય નાગરિક અથવા આઈઆઈટી રૂરકીના ભૂતપૂર્વ વિદ્યાર્થીને જમીનની લાક્ષણિકતાઓ, પાયાનું એન્જિનિયરિંગ, જમીન સુધારણા, જમીનની રચનાની ક્રિયાપ્રતિક્રિયા, એન્જિનિયરિંગ ભૂસ્તરશાસ્ત્ર, ભગર્ભ માળખા, રોક મિકેનિક્સ, ભારતમાં દરિયાઈ માળખા સહિત સબસર્ફેસના ક્ષેત્રમાં સર્જનાત્મક કાર્ય માટે આપવામાં આવે છે.

પ્રોફેસર અમિત પ્રશાંતને આ પુરસ્કાર સિવિલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં મૂળભૂત સોઈલ મિકેનિક્સથી લઈને વિવિધ જીઓટેકિનિકલ સ્ટ્રક્ચર્સ પર એપ્લાઈડ વર્ક સુધીના તેમના નોંધપાત્ર સંશોધન યોગદાન માટે મળ્યો છે. આગામી મહિનાઓમાં આઈઆઈટી રૂરકી દ્વારા આયોજિત ઔપચારિક એવોર્ડ સમારોહ દરમિયાન તેમને આ એવોર્ડ આપવામાં આવશે.

## એસ.એસ.વી. શાળામાં વિદ્યાર્થીઓ માટે રસીકરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

છેલ્લા ૨ વર્ષથી દુનિયાભરમાં વ્યાપેલ કોરોનાથી રક્ષણ મેળવવા રસીની શોધ થઈ ગઈ છે. ગયા વર્ષે ૧૮ની વર્ષની ઉપરના દરેક નાગરીકને સરકાર દ્વારા નિઃશુલ્ક રસી આપવામાં આવી છે. ધોરણ -૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, કે જેઓના માટે આવનાર વર્ષ બોર્ડની પરીક્ષા તેમજ અગત્યના કેરીયરના વર્ષ હોવાથી સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જેથી ધોરણ ૯ થી ૧૨ (૧૫ થી ૧૮વર્ષ)ના વિદ્યાર્થીઓને પોતાની શાળામાં જ રસી આપવાની કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવી છે. જેના અનુંસધાનના ભાગ રૂપે ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળાના ધોરણ ૯ થી ૧૨ (૧૫ થી ૧૮)ના વર્ષના વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી.






ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા માટે રસીકરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને બધા જ વિદ્યાર્થીઓ રસી લીધી હતી.

## 'લોન્ગ લિવ પીએમ મોદી' અને 'ભારત સ્ટેન્ડ વિથ મોદીજી' સહિતના પ્લેકાર્ડ સાથે મહિલા કાર્યકર્તા બહેનોની પીએમ મોદીના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષા અંગે પંજાબની કોંગ્રેસ સરકારે નિન્મસ્તરની રાજનીતી કરીને પ્રધાનમંત્રી પદની ગરિમા અને સન્માનને નેવે મૂકીને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવ સામે જોખમ ઉભું કરવાનું દુઃસાહસ અને દુષ્પ્રયાસ કર્યો છે તેની સામે સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ભાજપા દ્વારા દેશભરમાં પ્રધાનમંત્રીશ્રી




નરેન્દ્રભાઈ મોદીના શતાયુ જીવન માટે પ્રાર્થના થઈ રહી છે ત્યારે આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. દીપિકાબેન સરવડાની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાતની ધરતીના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષા અને દીર્ઘાયુ માટે શક્તિ મંદિર, સેક્ટર-૧૩ ખાતે મહામૃત્યુંજય મંત્રના જાપ કરવામાં આવ્યા હતા. જેમાં પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી વીણાબેન પ્રજાપતિ, ઉપપ્રમુખશ્રી ચંદ્રિકાબેન, મહાનગર મહિલા મોરચાના પ્રમુખ કુ.પ્રિયાબેન પટેલ, ITSM કન્વીનર, તૃપ્તિબેન, રીટાબા તેમજ મહિલા મોરચાના કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

## જન્મદિને વધામણી



જયદીપ શર્મા
મો. ૯૯૨૪૧ ૮૪૦૯૧




હર્ષ



નાયી જૈનમ રવિન્દ્ર
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨



જાહ્નવી ઉમંગ
લાયોનેસ કલબ



જાહ્નવીબા ઝાલા
મો. ૯૮૨૫૩ ૭૫૧૭૧

## બાળકે રસીનો પ્રથમ ડોઝ લીધો હશે તો જ સાયન્સ સિટીમાં પ્રવેશ મળશે

ગાંધીનગર, તા.૭

રાજયભરમાં સતત વધી રહેલા મહામારીને કેસોને પગલે સરકાર સતર્ક બની ગઈ છે અને વાઈબ્રન્ટ સમિટ સહિતના આયોજનો પણ મોકુફ કરી દેવામાં આવ્યાં છે. આ સાથે દેશમાં કોવિડ-૧૯ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જાહેર જનતાના હિત માટે ગુજરાત સાયન્સ સિટી દ્વારા પણ મહત્વની જાહેરાત કરવામાં આવી છે જે અંતર્ગત હવે ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત માટે ૧૫ થી ૧૮ વર્ષના કિશોરો અને કિશોરી માટે રસીનો પ્રથમ ડોઝ અને ૧૮ વર્ષથી ઉપરના વ્યક્તિઓ માટે સંપૂર્ણ રસીકરણ જરૂરી કરવામાં આવ્યું છે.

## સમગ્ર ગુજરાત નાગર પરિષદનું જીવનસાથી પસંદગી સંમેલન ૨૬

ગાંધીનગર, તા.૭

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)ના રાજ્યકક્ષાની સ્થાપનાને ૨૬ વર્ષ સંપન્ન થતાં, નાગર યુવક/યુવતીઓ જીવન સાથી પસંદગી સંમેલન- ૨૫ અમદાવાદ ખાતે તા.૯મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સવારે ૧૧ વાગ્યે લોહાણા સમાજવાડી, વેદ મંદિરની પાસે, કાંકરિયા, ફૂટબોલ ગ્રાઉન્ડ સામેની ગલીમાં અમદાવાદ ખાતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે રાજ્યમાં સતત વધી રહેલા કોરોના કેસો સાથે પ્રવર્તમાન કોરોનાની મહામારીના લીધે આ જીવન સાથી પસંદગી સંમેલન ૨૬ કરવામાં આવ્યું છે. જીવન સાથી પસંદગી સંમેલન માટે જે ઉમેદવારોએ તેમના ફોર્મ મોકલ્યા છે તેમને જીવનસાથી પસંદગીની તૈયાર કરાતી બૂક મોકલવામાં આવશે તેમ પરિષદના અધ્યક્ષ નરેશભાઈ રાજા અને સમિતિના હોદ્દેદારો ધર્મેશભાઈ દેસાઈ, સુભાષભાઈ ભટ્ટે જણાવ્યું હતું.